RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-02
February -2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# સ્ત્રીઓ પર થતી હિંસા

ડૉ.જાગૃતિબહેન કે પટેલ

## ❖ પ્રસ્તાવના :

નારી વિનાની દુનિયાની કલ્પના કરવી પણ મુશ્કેલ છે તે નારી વિનાનું ઘર પણ સુનું લાગે છે. તે કયારેક મા તો કયારેક બહેન કે પછી કયારેક પત્નિ કે દિકરી બનીને પોતાની જવાબદારીઓ નિ:સ્વાર્થ ભાવે અદા કરતી આવી છે તેમ છતાં સમાજ દ્વારા તેની ગરીમા જાળવીને તેનું યોગ્ય માન–સન્માન કરવામાં આવતું નથી.સ્વતંત્રતા બાદ ભારતીય સમાજમાં સ્ત્રીઓ તરફી કાનુની પગલા અપનાવવા છતાં,સ્ત્રી શિક્ષણમાં વધારો થયો હોવા છતાં,સ્ત્રીઓ આત્મ નિર્ભર બની હોવા છતાં સ્ત્રીઓ હજું હિસાનો ભોગ બનતી હોવાના બનાવો આપણને રોજ સમાચારપત્રમાં વાંચવા મળે છે જે બાબત આપણા માટે શરમ જનક છે.

૨૧ મી સદી માં જયાં વિજ્ઞાન છેક ચંદ્ર અને મંગળ સુધી પહોચી ગયું હોય ત્યારે આપણે સ્ત્રી સશકિતકરણની વાત કરીએ એનું શું મહત્વ ?

" સ્ત્રીઓ પર આજે પણ હિંસા થઈ રહી છે તેમાં નારી પીડાઈ રહી છે તો આ હિસા નથી તો શું છે ?"

## ❖ ઘરેલું હિંસા :

"ઘરેલું હિંસા એ સમાજના ધોરણભંગ કે વિચલનની સમસ્યા છે જેમાં સમાજના ધોરણો અને મૂલ્યો ઉપર તેમજ સગપણ સંબંધો ,પ્રેમ,ફરજ અને જવાબદારી ઉપર ગેરમૂલ્યોનું પ્રભુત્વ સ્થાપિત થયું હોય છે આથી ઘરેલું હિંસા એ ઘેર મૂલ્યોની કટોકટીની સ્થિતિને સુચિત કરે છે.કુટુંબના સભ્ય કે સભ્યો ધ્વારા અન્ય સભ્ય કે સભ્યો પ્રત્યે હિંસા કે અત્યાચાર આચરે ત્યારે તેને ઘરેલું હિંસા કહેવાય " આવા પ્રકારની હિંસામાં મારઝુડ,દુવ્યવહાર,માનસિક ત્રાસ,ખૂન,બળજબરી પ્રવૃતિ કરવા ફરજ પાડવી વગેરે વર્તનોનો સમાવેશ થાય છે.

સમાજમાં જાગૃતતા ફેલાવવાથી માંડીને કડક કાયદા બનાવવા છતાં પણ ઘરેલું હિંસામાં કોઈ કમી થઈ હોય એવું લાગતું નથી.કેટલીય એવી નારીઓ છે જે રોજ આવી હિંસાનો સામનો કરી રહી છે.આજે પણ આપણે અખબારોમાં વાંચતા હોઈએ છીએ રોજ કોઈને કોઈ કિસ્સા આવતાં હોય છે જેમાં નારી પીડાય છે.ખાસ કરીને દહેજ,બળાત્કાર,માનસિક ત્રાસ વગેરે કિસ્સા વધારે જોવા મળે છે.ઘરેલું હિસા એ ઘરની બહાર થતી હિંસાથી પણ વધારે ભયાનક છે કારણ કે અહીં નારીને જે પીડા પહોચાડે છે તે તેની સાથે કોઈને કોઈ સંબંધમાં બંધાયેલી હોય છે.પોતાનાં આજ સંબંધને કારણે તે પોતાની સાથે થતો અન્યાય ચૂપચાપ સહન કરે છે . યુનાઈટેડ નેશન્સના રિપોર્ટ મુજબ ભારતની કુલ સ્ત્રીઓમાંથી ૨/૩ સ્ત્રીઓ ઘરેલું હિંસાનો ભોગ બને છે.

## ❖ સ્ત્રીઓ પર થતા હિંસાના સ્વરૂપ :

- દહેજપ્રથા
- માનસિકત્રાસ
- મારઝૂડ કરવી
- શારીરિક ત્રાસ
- બાળલગ્ન
- સ્ત્રીભૂણ હત્યા

સ્ત્રી અને પુરુષ સમાજજીવનમાં એક રથના બે પેડાં છે.બન્નેનું મૂલ્ય અને મહત્વ સમાન છે. આમ છતાં લોકમાન્યતા પ્રમાણે પુરુષ કરતાં સ્ત્રીને ઉતરતી કક્ષાની ગણવામાં આવે છે અને સમાજજીવનમાં શોષિત બનતી જાય છે.તેણે બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

રોજ સવારે પેપર ખોલતાં કોઈ સ્ત્રીના અપમૃત્યુ,ખૂન,છેડતી,બળાત્કાર,દહેજના કારણે મૃત્યુ, સાસરીયા દ્વારા ત્રાસ વગેરે સમાચાર જોવા મળે છે.કાયદા,કાનુન હોવા છતાં સ્ત્રીઓ પરના અત્યાચારોનું પ્રમાણ વધતું જાય છે.સ્ત્રી ભલે કોઈપણ ઉમંર, વર્ગ, જ્ઞાતિ,ધર્મની હોય તે ઘરમાં અને ઘરની બહાર સમાજમાં, ભીડમાં તો કયારેક એકાંતમાં હિંસાનો અનુભવ કરે છે.આજે ભારતની આઝાદીને ઘણા વર્ષ થયા છતાં પણ શું ભારતની સ્ત્રી આઝાદ છે ખરી ?ભારતીય બંધારણમાં સ્ત્રી અને પુરુષ બન્નેને સમાન હકક અને દરજજો આપવામાં આવેલ છે.છતાં પણ સ્ત્રીઓ આજે પણ કાયદાઓ આપેલ અધિકારોથી વંચિત છે.ભારતની ૭૦ % સ્ત્રીઓ પિતાના ઘરે, કામની જગ્યાએ તથા સાસરે શોષણનો ભોગ બને છે.આવા શોષણને સ્ત્રીઓ બહું જ સહજતાથી સ્વીકારે છે અને શોષણનો વિરોધ કરવાનો પણ વિચાર કરતી નથી.

યુનાઈટેડ નેશન પોપ્યુલેશન ફંડના રિપોર્ટ મુજબ ભારતમાં ૧૫ થી ૪૯ વર્ષની વયજૂથની ૭૦% પરણિત સ્ત્રીઓ મારઝુડ,બળાત્કાર અને પતિ ધ્વારા બળજબરી પૂર્વક શારીરિક સંબંધનો ભોગ બને છે. જે દેશની અડધી વસ્તી પોતાના ઘરમાં

RRIJM 2015, All Rights Reserved

જ સલામત ન હોય તે દેશ કે સમાજને પ્રગતિશીલ સમાજ કહી શકાય ખરો ?પરંતું ઘરમાં જ સ્ત્રીઓ ઉપર હાથ ઉઠાવવામાં આવે છે,તેમને સળગાવી દેવામાં આવે છે.છતાં સ્ત્રીઓ આ અત્યાચારને સહન કરી તેને પોતાનું નસીબ અને પૂર્વ જન્મના કર્મોનું ફળ માનીને મૂંગા મોં એ આ અત્યાચાર સહન કરી તેને પોતાનું સંપૂર્ણ જીવન જીવી નાખે છે.કહેવામાં આવે છે કે "સ્ત્રી પતિના ઘરે ડોલીમાં બેસીને જાય છે અને પછી ત્યાંથી તેની અર્થી જ ઉઠે છે " આમ ઘરમાં અત્યાચાર થતો હોય છતાં સ્ત્રી ઝેરનો ઘૂંટ પીને પણ જીવતી લાશ બનીને ઘરમાં જીવન જીવી નાખે છે.સત્રીઓ પોતેજ આ અત્યાચારને સહન કરી લે છે.

આપણો દેશ વિકાસની તરફ ગતિ કરી રહયો છે.શિક્ષણનું પ્રમાણ વધી રહયું છે પરંતુ લોકોની જે માનસિકતા છે તેમાં પરિવર્તન આવ્યું નથી તેના જ કારણે સ્ત્રીને એક માણસ તરીકે ન જોતા સ્ત્રીને સ્ત્રી હોવાને કારણે અનેક હકકો અને તકોથી વંચિત રાખવામાં આવે છે જે સ્ત્રીઓ પર થતાં અત્યાચારનું એક ઉદાહરણ પુંરું પાડે છે.સ્ત્રીઓને સુરક્ષા મળે તે માટે સમાજમાં ઘણા કાયદાઓ જોવા મળે છે પરંતુ સ્ત્રીઓ પોતેજ આ અત્યાચાર સહન કરી લે છે તે અંગે પોલિસ ફરિયાદ કરતી નથી .આમ સ્ત્રીએ પોતે જ એક રાષ્ટ્રનાં નાગરીક તરીકે પોતાના પર થતી હિંસા અને અત્યાચારનો સામનો કરવાની તૈયારી બતાવવી પડશે.સ્ત્રીએ પોતાના હક અને અધિકારોથી જાગૃત થવું પડશે તો જ આ હિંસાને રોકી શકાશે .સ્ત્રીઓ પોતે એક સ્વંય શકિત છે તે ધારે તે કરી શકે છે તેથી તેણે હિંમત રાખીને અત્યાચારોનો ભોગ ન બનતા તેના સામનો કરવાની તૈયારી બતાવવી પડશે સ્ત્રીએ પોતાની જ મદદ કરવી પડશે ,પોતે જ સશકત બનવું પડશે તો જ સમાજ અને કાનુન તેની મદદ કરી શકશે.

### ❖ ઉપસંહાર :

આજે જયાં જુઓ ત્યાં નારીઓ પોતાના વિકાસની ઉંચાઈઓ સર કરી રહી છે તેઓ ભણવામાં પણ આગળ આવી રહી છે . મોટી–મોટી કંપનીની સીઈઓથી લઈને ઈન્દિરા ગાંધી ની જેમ દેશની સત્તા સંભાળવામાં પણ સ્ત્રીઓનું મહત્વનું યોગદાન છે.વર્ષો પહેલાની અને આજની પરિસ્થિતિમાં ઘણો ફરક આવ્યો છે.આપણા દેશમાં નારીને નારાયણી તરીકે સ્વીકારવામાં આવે છે એ નારી ને આપણે નારાયણી તરીકે સ્વીકારી શું કયારે ? સાચેજ કહયું છે કે જે ઘરમાં સ્ત્રીઓનું સન્માન કરવામાં આવે છે તે ઘરમાં દેવતાઓનો વાસ હોય છે.

RRIJM 2015, All Rights Reserved 